01

મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા. ૧૫/૦૯/૨૦૧૪, સોમવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે
"સ્વચ્છ ભારત સપ્તાહ" અંગે યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ
(હાજર રહેલ અધિકારીશ્રીઓની યાદી એનેક્ષર-૧ મુજબ)

---

માનનીય અધ્યક્ષશ્રીએ સચિવશ્રી(હાઉસિંગ)ને "સ્વચ્છ ભારત" સપ્તાહ અંગે પ્રારંભિક વિગતો રજૂ કરવા જણાવતા, સચિવશ્રી(હાઉસિંગ) દ્વારા હાજર રહેલ તમામ અધિકારીશ્રીઓનું અભિવાદન કરી, "સ્વચ્છ ભારત અભિયાન" અને તેના ભાગરૂપે "સ્વચ્છ ભારત સપ્તાહ" બાબતે Presentation ધ્વારા માહિતી આપી હતી. તથા "સ્વચ્છ ભારત સપ્તાહ" નો હેતુ અને તે બાબતે શું કાર્યવાહી કરવાની થશે તે અંગે જાણકારી આપવામાં આવેલ. "સ્વચ્છ ભારત" નો ઉદ્દેશ સિધ્ધ કરવા જનભાગીદારી અને સમુદાયોની સક્રિયતાનું વિશેષ મહત્વ ધ્યાનમાં લાવવામાં આવ્યુ હતું.

અધ્યક્ષશ્રી દ્વારા દરેક component માટે સંબંધિત વિભાગો તેમજ ક્ષેત્રીય કચેરીઓ દ્વારા તા.૧૯/૦૯/૨૦૧૪ સુધીમાં આ બાબતે "Detailed Action Plan" બનાવવા સૂચના આપવામાં આવી. મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ ચીફ ઓફીસરો સાથે એક વિડિયો કોન્ફરન્સનું અયોજન કરવા સૂચના આપવમાં આવી. અધ્યક્ષશ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનનો શુભારંભ તા.૨૬/૦૨/૨૦૧૪ થી કરવામાં આવેલ છે જેનું "સ્વચ્છ ભારત" સાથે convergence કરી અસરકારક રીતે સમગ્રતયા "સ્વચ્છ ભારત સપ્તાહ" નું આયોજન કરી, Detailed Action Plan નું Compilation કરી માન.મુખ્યમંત્રીશ્રી સમક્ષ presentation કરી તેઓનું માર્ગદર્શન પણ મેળવવામાં આવે.
(કાર્યવાહી: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,)

મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યુ કે "સ્વચ્છ ભારત સપ્તાહ" બાબતે રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયે આ બાબતે કોઇ અધિકૃત જાણ ન કરી હોય તો પણ પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે આ બાબતે જરૂરી કાર્યવાહી કરવી.
(કાર્યવાહી: પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ)

મુખ્ય સચિવશ્રીએ સૂચવ્યુ કે "સ્વચ્છ ભારત સપ્તાહ" બાબતે તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ મહાત્મા મંદિર ખાતે એક કાર્યક્રમનું આયોજન કરી "સ્વચ્છ ભારત સપ્તાહ" ને વિધિવત રીતે શરૂ કરી શકાય. તેમણે સચિવશ્રી (હાઉસિંગ)ને જણાવ્યુ કે માન. પ્રધાનમંત્રીશ્રી તા. ૨૫/૦૯/૨૦૧૪ના રોજ આ બાબતે રાષ્ટ્રને કોઇ ઉદબોધન કરવાના છે કે કેમ તે જાણી તેના અનુસંધાને મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમનું આયોજન કરી શકાય. આ બાબતે માન. મુખ્યમંત્રીશ્રીના દિશા નિર્દેશ મુજબ કાર્યવાહી કરવી.

**(કાર્યવાહી: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ)**

મુખ્ય સચિવશ્રીએ "સ્વચ્છ ભારત સપ્તાહ" દરમિયાન જે દિવસો ઉજવવાના છે, તેમાં નીચે મુજબના દિવસો માટે સંબંધિત વિભાગોએ જરૂરી કાર્યવાહી કરવી તેમ સૂચના આપી.

**૧. રોડ એન્ડ સ્ટ્રીટ સેનીટેશન ડે**

રાજ્ય ધોરીમાર્ગો, જાહેર રસ્તાઓ, શેરીઓમાં સફાઇની કામગીરી.

**(કાર્યવાહી : માર્ગ અને મકાન વિભાગ , શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ)**

**૨. સ્કૂલ એન્ડ કોલેજ સેનીટેશન ડે**

શાળા અને કોલેજોમાં સફાઇની કામગીરી તથા વિધાર્થીઓમાં "સ્વચ્છતા" જાળવવા બાબતે હકારાત્મક અભિગમ કેળવાય તે માટે પ્રચાર પ્રસારની કામગીરી.

**(કાર્યવાહી: શિક્ષણ વિભાગ)**

**૩. હોસ્પિટલ્સ સેનીટેશન ડે**

પ્રાથમિક આરોગ્ય કેંદ્રો, કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર્સ, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ્સ, મ્યુનિસિપલ હોસ્પિટલ્સ અને ખાનગી હોસ્પિટલ્સ માં સફાઇની કામગીરી.

**(કાર્યવાહી: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ)**

**૪. ઇન્સ્ટીટ્યુશનલ સેનીટેશન ડે:**

બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, શોપિંગ કોમ્પલેક્ષ, પાર્કિંગ પ્લેસીસ, ધાર્મિક સ્થળો વગેરેની સફાઇ

**(કાર્યવાહી: સંબંધિત દરેક વિભાગો / ખાતાના વડાઓ)**

૫. સ્ટોલ/ હોટેલ્સ / રેસ્ટોરેન્ટસ / બેકરી/ઇટરીસ ડે

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીઓ અને શહેરી સ્થાનિક સંસ્થાના અધિકારીઓએ ખાણી પીણીના બજારો, દુકાનો, હોટેલ વગેરેનું સંયુક્ત નિરીક્ષણ (Joint Inspection) કરવું અને સ્વચ્છતા જાળવવા સંબંધિતોને જરૂરી સૂચના આપવી.

**(કાર્યવાહી: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)**

૬. શૌચાલય સ્વચ્છતા દિવસ

**(કાર્યવાહી: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)**

**૭. ડે ઓફ સેનીટેશન પ્લેઝ ફોર ઓલ –**

"સ્વચ્છતા" જાળવવા બાબતે શપથ લેવી.

(કાર્યવાહી: **સંબંધિત તમામ વિભાગો / ખાતાના વડાઓ)**

આ તમામ દિવસો દરમ્યાન બિનસરકારી સંસ્થાઓ, ખાનગી ક્ષેત્ર તેમજ સંગઠન અને સમાજને પણ સાંકળવાના રહે છે. આ બાબતે જરૂર જણાયે Ministry માંથી પણ માર્ગદર્શન મેળવવું.

આ ઉપરાંત, "સ્વચ્છ ભારત સપ્તાહ" ને બહોળી પ્રસિદ્ધિ આપવા માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ સંબંધિત વિભાગો દ્વારા જરૂરી કાર્યવાહી કરવા ચર્ચા કરવામાં આવી. સંબંધિત વિભાગોએ આ બાબતે માહિતી અને પ્રસારણ વિભાગને જરૂરી સાહિત્ય / ઓડીયો / વિડિયો ક્લીપ્સ ઉપલબ્ધ કરાવવા.

(કાર્યવાહી: **માહિતી અને પ્રસારણ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગો)**

અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ દ્વારા સૂચવવામાં આવ્યું કે, લોક જાગૃતિ અને સહકાર સાથે ઘન કચરા નિકાલની સુવ્યવસ્થિત કાર્યવાહી થાય તે જરૂરી છે. આ બાબતે અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ તેમજ સચિવશ્રી(હા.) દ્વારા જણાવવામાં આવેલ કે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન દ્વારા સઘન આયોજન કરવામાં આવેલ છે. Solid Waste Processing હાલમાં Economically Viable ન હોવાથી લાંબા ગાળા સુધી ચાલુ રહી શકતુ નથી. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને સચિવશ્રી(હા.) એ આ બાબતે અનુભવો અને વિગતો રજૂ કર્યા

તથા આ બાબતે કેન્દ્ર સરકાર કક્ષાએ પણ સઘન રજૂઆત અને ચર્ચા થયેલ છે અને "Policy Bottlenecks" સંભવતઃ ટૂંક સમયમાં દૂર થશે તેમ પણ જણાવ્યું

**(કાર્યવાહી: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ)**

સચિવશ્રી(પ્રવાસન)એ જણાવ્યુ કે તેઓ નવરાત્રિ મહોત્સવના આયોજકોના સંપર્કમાં છે. નવરાત્રિનો તહેવાર પણ "સ્વચ્છ ભારત સપ્તાહ" દરમિયાન જ છે. તેથી તેમને જરૂરી મટિરિઅલ પુરુ પાડવામાં આવે તો નવરાત્રિ આયોજકોના સહકારથી નવરાત્રિ કાર્યક્રમમાં પણ આ બાબતનો બેનર વગેરે ધ્વારા પ્રચાર થઇ શકશે. અધ્યક્ષશ્રીએ સૂચના આપી કે દેવસ્થાન, યાત્રાધામો , તીર્થ ધામો વગેરેમાં પણ "સ્વચ્છતા ઝુંબેશ" ચલાવવી ખૂબ જરૂરી છે. તેથી આ બાબતે જરૂરી કાર્યવાહી કરવી.

**(કાર્યવાહી: શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પ્રવાસન વિભાગ, સંબંધિત તમામ વિભાગો )**

મુખ્ય સચિવશ્રીએ જણાવ્યુ કે સ્વચ્છતા બાબતે જે નિયમોનું પાલન કરતા નથી અને ગંદકી ફેલાવે છે તેવા જવાબદાર લોકો, રહીશો અને સંસ્થાઓને નોટિસ આપવાની અને દંડની કાર્યવાહી પણ કરવી જોઇએ. જેનાથી સ્વચ્છતા પ્રત્યે લોકો વધુ જવાબદાર બનશે. "WhatsApp", "YouTube" જેવા આધુનિક માધ્યમો ધ્વારા Professionals ની મદદથી આ બાબતે ટૂંકી ક્લીપ્સ બનાવી લોકોમાં તેનો બહોળો પ્રચાર કરવો જોઇએ. "SMS" તેમજ "Electronic Media" અને "Social Media" દ્વારા પ્રચાર માટે centralized database તૈયાર કરવા બાબતે ચર્ચા કરવામાં આવી.

**(કાર્યવાહી: માહિતી અને પ્રસારણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ)**

મુખ્ય સચિવશ્રીએ સચિવશ્રી(હાઉસિંગ) ને જણાવ્યુ કે Toilets/ Sanitation બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગે CSR બનાવેલા છે. શહેરી વિકાસ વિભાગે તેની માહિતી મેળવી આગળની જરૂરી કાર્યવાહી કરવી. આ ઉપરાંત સંબંધિત વિભાગોએ પોતાના Inputs અને Monitoring Formats શહેરી વિકાસ વિભાગને તા.૧૯/૦૯/૨૦૧૪ સુધીમાં મોકલી આપવા અને તેના આધારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે Detailed Road Map તૈયાર કરવા પુનઃ સૂચના આપવામાં આવી.

અંતમાં મુખ્ય સચિવશ્રીએ હાજર રહેલ તમામનો આભાર માન્યો અને "સ્વચ્છ ભારત અભિયાન" બાબતે રાજ્ય નમૂનારૂપ કામગીરી કરે તેવા પ્રયાસો કરવા સર્વેને પ્રેરણા આપી બેઠક પૂર્ણ કરી.

---

<u>તાત્કાલિક</u>

**ક્રમાંક : નમલ-૧૦૨૦૧૪-GOI-૨૨૯-ધ**
ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮/૯/૨૦૧૪

**નકલ સવિનય જરૂરી કાર્યવાહી સારૂ રવાના:**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(3) અગ્ર સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.
(૪) અગ્ર સચિવશ્રી (પાણી પુરવઠો), નર્મદા અને જળ સંપત્તિ વિભાગ.
(૫) અગ્ર સચિવશ્રી(તબીબી સેવા અને તબીબી શિક્ષણ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
(૭) અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૦) અગ્ર સચિવશ્રી(ગ્રામ વિકાસ) અને કમિશ્નરશ્રી, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ.
(૧૧) અગ્ર સચિવશ્રી( જાહેર આરોગ્ય), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
(૧૨) સચિવશ્રી(પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ. બ્લોક નં-૫, ડો. જીવરાજ મહેતા ભવન
(૧૫) કમિશ્નરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં-૮,ડો. જીવરાજ મહેતા ભવન.
(૧૬) માહિતી કમિશ્નરશ્રી, બ્લોક નં-૭/૨ ,ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૭) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (કાયદો અને વ્યવસ્થા), પોલીસ મહાનિર્દેશકશ્રીની કચેરી, પોલીસ ભવન, ગાંધીનગર.

(૧૮) નિયામકશ્રી, નગરપાલિકાઓ.

(૧૯) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ.

(૨૦) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ

(૨૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ.

(૨૨) અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેંટ મિશન.

(૨૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેંટ કંપની.

(૨૪) સંયુક્ત સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ.

(૨૫) નાયબ સચિવશ્રી(પ્રવાસન) , ઉદ્યોગ અને ખાણ વિભાગ.

(૨૬) ઉપ સચિવશ્રી( ઉચ્ચ શિક્ષણ) , શિક્ષણ વિભાગ.

(૨૭) સર્વે ચીફ ઓફિસરશ્રીઓ, (નિયામકશ્રી નગરપાલિકા મારફતે)

(૨૮) મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી

(૨૯) અધિક મુખ્ય સચિવશ્રી (શ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩૦) સચિવશ્રી(હા.) ના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

આપનો વિશ્વાસુ,

(અશોકસિંહ પરમાર)

નાયબ સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

## એનેક્ષર-૧

**મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા. ૧૫/૦૯/૨૦૧૪, સોમવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે "સ્વચ્છ ભારત સપ્તાહ" અંગે યોજાયેલ બેઠકમાં હાજર રહેલ અધિકારીશ્રીઓની યાદી**

૧. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

૨. સચિવશ્રી(હાઉસિંગ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

૩. અગ્ર સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.

૪. અગ્ર સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.

૫. અગ્ર સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ.

૬. સચિવશ્રી(પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ.

૭. અગ્ર સચિવશ્રી (જાહેર આરોગ્ય), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

૮. નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી (કાયદો અને વ્યવસ્થા), પોલીસ મહાનિર્દેશકની કચેરી.

૯. નિયામકશ્રી, નગરપાલિકાઓ.

૧૦. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ.

૧૧. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત.

૧૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ભાવનગર.

૧૩. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ.

૧૪. અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેંટ મિશન.

૧૫. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેંટ કંપની.

૧૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ગાંધીનગર.

૧૭. અધિક સચિવશ્રી (પાણી પુરવઠ), નર્મદા અને જળ સંપત્તિ વિભા .

૧૮. સંયુક્ત સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ.

૧૯. નાયબ સચિવશ્રી(પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ.

૨૦. ઉપ સચિવશ્રી( ઉચ્ચ શિક્ષણ) , શિક્ષણ વિભાગ.

૨૧. નાયબ ઇજનેરશ્રી, જામનગર મહાનગરપાલિકા.

૨૨. મેડીકલ હેલ્થ ઓફિસર, જૂનાગઢ મહાનગરપાલિકા.